# શેરબજાર કડડભુસ : ૫૩૮ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ,તા. ૧૬

શેરબજાર આજે પત્તાના મહેલની જેમ કડડભુસ થયું હતું. જુદા જુદા પરિબળોની ખુબ જ પ્રતિકૂળ અસર શેરબજાર ઉપર થઈ હતી જેના કારણે અફડાતફડી મચી ગઈ હતી. રૂપિયામાં તીવ્ર ઘટાડો, વધતી જતી વેપારી ખાધ અને વૈશ્વિક બજારમાં તીવ્ર મંદીની સીધી અસર શેરબજાર ઉપર થઈ હતી. સર્વાંગી વેચવાલી જોવા મળી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારો અગાઉના સેશનમાં પ્રોફિટ બુકિંગ કરી ચુકયા છે. આજે કારોબારના અંતે સેંસેક્સ ૫૩૮ પોઈન્ટ ઘટી ૨૬૭૮૧ની નીચી સપાટીએ પહોંચતા અફડાતફડી મચી ગઈ હતી. બીજી બાજુ ૫૦ શેર નિફ્ટીમાં ૧૫૨ પોઈન્ટનો ઘટાડો થતા તેની સપાટી ૮૦૬૭ નોંધાઈ હતી. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ખુબ જ કંગાળ દેખાવ રહ્યો હતો. બંનેમાં ૨.૯ અને ૩.૩ ટકાની આસપાસનો ઘટાડો રહ્યો હતો. બીએસઈમાં માર્કેટ બ્રીડ્થ પણ નકારાત્મક રહી હતી. દરેક તેજી સામે પાંચ ઘટાડા રહ્યા હતા. રૂપિયો પણ નવી નીચી સપાટીએ પહોંચ્યો હતો. ખાનગી સર્વેમાં ચીનના ફેક્ટરી ઉત્પાદનમાં પ્રથમ વખત ઘટાડો થતાં તેની પણ અસર જોવા મળી હતી. ભારતીય બજારમાં અન્ય એક પરિબળોને લઈને ચિંતા રહી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા સોમવારના દિવસે ૪૫૫.૭૨ કરોડની કિંમતના ઈક્વિટી વેચી દીધા છે. આજે જે ઈન્ડેક્સમાં તેજી રહી હતી તેમાં આઈટી અને ટેક ઈન્ડેક્સનો સમાવેશ થાય છે. આ બંનેમાં ક્રમશઃ ૧.૬ અને ૧.૧ ટકા વચ્ચેનો સુધારો રહ્યો હતો. મેટલ ઈન્ડેક્સમાં સૌથી વધુ ચાર ટકાનો ઘટાડો થયો હતો. રિયાલીટી ઈન્ડેક્સમાં ૩.૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એફએમજીસી ઈન્ડેક્સમાં ત્રણ ટકાનો ઘટાડો રહ્યો હતો જ્યારે બેંકેક્સમાં આશરે ત્રણ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. કોલસા કૌભાંડને લઈને ઘટનાક્રમની સીધી અસર રહી હતી. હિન્ડાલ્કોમાં પાંચ ટકાથી પણ વધુનો ઘટાડો રહ્યો હતો. આવી જ રીતે સેસા સ્ટરલાઈટમાં સાત ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ક્રૂડ અને અન્ય વૈશ્વિક કોમોડિટીની કિંમતમાં તીવ્ર ઘટાડાની માઠી અસર સેસા સ્ટરલાઈટ ઉપર થઈ હતી. ઓઈલ એન્ડ ગેસના શેર પણ મંદીમાં જોવા મળ્યા હતા. ફાયનાન્સિયલ મોરચે એસબીઆઈના શેરમાં પાંચ ટકાનો ઘટાડો રહ્યો હતો. આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં ચાર ટકાનો ઘટાડો રહ્યો હતો. એચડીએફસી બેંકમાં ત્રણ ટકાનો ઘટાડો અને એક્સિસ બેંકમાં એક ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો ડિસેમ્બરમાં સૌથી માઠી અસર ઓઈલ એન્ડ ગેસને થઈ છે. આ ઈન્ડેક્સમાં ૧૧ ટકાનો ઘટાડો જ્યારે મેટલ અને રિયાલીટીમાં ૧૦-૧૦ ટકાનો ઘટાડો રહ્યો છે. વર્ષ ૨૦૧૪માં હજુ સુધી ૧૦૩૨૨૪ કરોડનું રોકાણ કરનાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ છેલ્લા પાંચ કારોબારી સેશનમાં ૨૫૦૦ કરોડના શેર વેચી દીધા છે.



## સેંસેક્સમાં ૭ અને નિફ્ટીમાં પાંચ ટકાનો ઘટાડો

મુંબઈ,તા.૧૬

સમગ્ર ૨૦૧૪ના કેલેન્ડર વર્ષના મોટાભાગના ગાળામાં વૈશ્વિક સ્તરે ટોપ પર્ફોમન્સમાં સ્થાન ધરાવનાર ભારતીય બજારો હવે એકાએક ડિસેમ્બર મહિનામાં સૌથી ખરાબ દેખાવકારમાં સામેલ થઈ જતાં કારોબારીઓમાં ભારે ચિંતા છે. ભારતીય બજારો ડિસેમ્બર મહિનામાં સૌથી ખરાબ એશિયન પરફોર્મર તરીકે રહ્યા છે. સેંસેક્સ અને નિફ્ટી ક્રમશઃ ૭ ટકા અને પાંચ ટકા સુધી ડિસેમ્બર મહિનામાં ઘટી ગયા છે. અન્ય ચાવીરુપ એશિયન ઈન્ડેક્સમાં ૦.૫થી ૫ ટકાની સામે સેંસેક્સ અને નિફ્ટીમાં આશરે ૭ ટકા સુધીનો ઘટાડો થયો છે. આના માટે ઘણા પરિબળો જવાબદાર રહ્યા છે. હેંગસેંગ, કેએલએસઈ, સ્ટ્રેટ ટાઈમ્સ અને નિક્કી ૨૨૫ની સરખામણીમાં સેંસેક્સ અને નિફ્ટીમાં વધારે ઘટાડો રહ્યો છે. ભારતીય ઈન્ડેક્સમાં ઘટાડો આ મહિનામાં સૌથી વધારે રહ્યો છે. વૈશ્વિક બજારમાં ક્રૂડની કિંમતમાં સતત ઘટી રહી છે. બીજી બાજુ રશિયામાં તેના વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો છે. શેરબજારમાં ઈન્ટ્રા ડે દરમિયાન બેંચમાર્ક ઈન્ડેક્સમાં મોટો ઘટાડો રહ્યો હતો. આ તમામ બાબતોની સીધી અસર જોવા મળી રહી છે.

## ન્યુ યર બોનાન્ઝામાં કારમાં ૧.૫ લાખ સુધી ડિસ્કાઉન્ટ

**જાન્યુઆરી માસથી કાર કંપનીઓ કારની કિંમતો વધારી રહી છે ત્યારે કાર ખરીદવા ઇચ્છુક લોકો માટે સારી તક**

મુંબઈ,તા. ૧૬

વર્ષની પુર્ણાહુતિ આડે ગણતરીના દિવસો રહ્યા છે અને નવા વર્ષની ઉજવણી કરવા લોકો તૈયાર છે ત્યારે મોટા ભાગની કાર કંપનીઓ ન્યુ યર બોનાન્ઝાના ભાગરૂપે હાલમાં ૧.૫ લાખ સુધી ડિસ્કાઉન્ટ આપી રહી છે. નવી કારની ખરીદી પર અનેક ઓફરો આપવામાં આવી રહી છે. કાર કપનીઓ જાન્યુઆરીથી તેમની કારની કિંમતોમાં વધારો કરવા માટે તૈયાર છે ત્યારે કાર ખરીદવા માટેનો આ યોગ્ય સમય છે. ઓફર પર ફ્રી ઈન્સ્યોરન્સ અને એક્સટેન્ડેડ વોરંટી ગાળો પણ સામેલ છે. ઉપરાંત બોનસ પર આપવામાં આવી રહી છે. જેથી કુલ લાભ એક કારની ખરીદી પર ૩૦૦૦૦થી લઈને ૧.૫ લાખ સુધી છે. છેલ્લા થોડાક મહિનાઓમાં વેચાણમાં કોઈ ઉલ્લેખનીય વધારો થયો નથી પરંતુ કંપનીઓ આગામી ક્રિસમસના ગાળામાં વેચાણ વધે તેવી આશા ધરાવે છે.એપ્રિલ-નવેમ્બરના ગાળા દરમિયાન પેસેન્જર કારના વેચાણમાં ૨.૭ ટકા સુધીનો વધારો થયો છે. મુંબઈમાં એક કાર કંપનીના અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે જંગી ઓફર કાર ખરીદનારને આપવામાં આવી રહી છે. માર્કેટિંગના ગ્રુપ વડા અને જનરલ મેનેજરે માહિતી આપતા કહ્યું છે કે ક્રિસમસ નજીક આવ્યા બાદ વેચાણમાં ઉલ્લેખનીય વધારો થઈ શકે છે. ઓછા વેચાણના કારણે કાર કંપનીઓ ભારે પરેશાન થયેલી છે જેથી રાહત આપવામાં આવી રહી છે. ।જાન્યુઆરીથી મોટા ભાગની કાર કંપનીઓ કિંમતમાં વધારો કરવાની જાહેરાત કરી ચુકી છે. જેમાં જીએમ અને બીએમબડબલ્યુનો સમાવેશ થાય છે. આ કંપનીઓ પાંચ ટકા સુધી કિંમતોમાં વધારો કરશે જ્યારે મારુતિ ૨-૪ ટકા કિંમતોમાં વધારો કરશે.

## કોલસા કાંડ : મનમોહનસિંહનું નિવેદન નોંધવા માટેનો આદેશ

નવીદિલ્હી,તા. ૧૬

સીબીઆઈની ખાસ અદાલતે કોલસા કૌભાંડના એક મામલામાં તપાસ સમિતિના ક્લોઝર રિપોર્ટને ફગાવી દેતા ચકચાર મચી ગઈ છે. ઉદ્યોગપતિ કુમારમંગલમ બિરલાની કંપની હિન્ડાલ્કોને કોલસા બ્લોકની ફાળવણી કરવાના મામલામાં વધુ તપાસની જરૂર હોવાની વાત કરતા કોર્ટે કહ્યું છે કે, તત્કાલિન કોલસા પ્રધાનનું નિવેદન નોંધવાનો આદેશ કર્યો છે. આ મામલામાં આગામી સુનાવણી ૨૭મી જાન્યુઆરીના દિવસે હાથ ધરાશે. સીબીઆઈ કોર્ટના વલણ બાદ હવે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહનું પણ નિવેદન નોંધવું પડશે. જો કે, તપાસ સંસ્થાના સૂત્રોએ કહ્યું છે કે, હાલમાં મનમોહનસિંહનું નિવેદન નોંધવાની કોઈ જરૂર નથી. વર્ષ ૨૦૦૫માં જ્યારે બિરલાની કંપની હિન્ડાલ્કોને ઓરિસ્સાના તાલાબીરા-૨ અને ત્રણમાં કોલસા બ્લોક ફાળવણી કરવામાં આવી હતી ત્યારે કોલસા પ્રધાનની જવાબદારી પૂર્વવડાપ્રધાન મનમોહનસિંહની પાસે હતી. સીબીઆઈ કોર્ટના વલણ બાદ મનમોહનસિંહની તકલીફ પણ



આગામી દિવસોમાં વધી શકે છે. આ અગાઉ ૨૫મી નવેમ્બરના દિવસે સુનાવણી દરમિયાન સીબીઆઈ જજ ભરત પરાશરે સીબીઆઈને પ્રશ્ન કર્યો હતો કે, કોલસા કૌભાંડના મામલામાં પૂર્વ વડાપ્રધાન મનમમોહનસિંહની પુછપરછ કેમ કરી નથી. કારણ કે, હિન્ડાલ્કોને કોલસા બ્લોકની ફાળવણી કરવામાં આવી ત્યારે ૨૦૦૫-૨૦૦૯ દરમિયાન મનમોહનસિંહ કોલસા પ્રધાન તરીકેની જવાબદારી પણ સંભાળી રહ્યા હતા. આના ઉપર તપાસ અધિકારીઓએ કોર્ટમાં કહ્યું હતું કે, આ મામલામાં પીએમ ઓફિસના અધિકારીઓ પીકે નાયર અને જાવેદ ઉસ્માનીની પુછપરછ કરવામાં આવી હતી. તેમના નિવેદનના આધાર પર કોલસા પ્રધાનના નિવેદન લેવાની જરૂરીયાત દેખાઈ ન હતી. વધુ સ્પષ્ટ ચિત્ર રજૂ કરવા માટે તત્કાલિક કોલસા પ્રધાનના નિવેદનની જરૂર ન હતી તેમ પુછવામાં આવતા સીબીઆઈએ કહ્યું હતું કે, તેને મનમોહનસિંહની પુછપરછ કરવાની મંજુરી અપાઈ ન હતી. કોર્ટે કેસ ડાયરી અને ક્રાઈમ ફાઈલ સીલ કવરમાં રજૂ કરી દીધી હતી. આ અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે, ગયા વર્ષે સીબીઆઈના એસપી કેઆર ચોરસિયાએ ભલામણ કરી હતી કે, સિંહને પ્રશ્ન કરવામાં આવે તે જરૂરી છે પરંતુ તે વખતે સીબીઆઈના ડિરેક્ટર રણજિતસિંહાએ આને ફગાવી દઈને કહ્યું હતું કે, આનો સમય હજુ આવ્યો નથી. તે વખતે ભાજપે મનમોહનસિંહની પુછપરછ ન કરવા બદલ સીબીઆઈની ઝાટકણી કાઢી હતી.

## સામૂહિક ધર્માંતરણ કેસમાં બાલ્મિકીની ધરપકડ કરાઈ

આગરા, તા. ૧૬

આગરા પોલીસે ધર્માંતરના મામલામાં મુખ્ય આરોપી નંદકિશોર બાલ્મિકીની આજે ધરપકડ કરી હતી. તાજેતરમાં જ ૧૦૦થી વધુ લોકોને ફરીથી હિન્દુ ધર્મ અપનાવવાની ફરજ પાડવાના સંદર્ભમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. જેના સંદર્ભમાં બાલ્મિકિની ધરપકડ કરાઈ હતી. ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા બાલ્મિકીને પકડી પાડવા હાલમાં જ કેટલાક ઓપરેશન હાથ ધરવામાં આવ્યા હતા. ધર્માંતરને લઈને જોરદાર વિવાદ



સર્જાયા બાદ બાલ્મિકી ફરાર થઈ ગયા હતા. પોલીસ ટીમ દ્વારા જયપુર હાઉસ કોલોનીમાં અને આસપાસના વિસ્તારોમાં માધવ ભવાની વિસ્તારમાં આરએસએસની ઓફિસ ઉપર વ્યાપક દરોડા પાડ્યા હતા જ્યાં બાલ્મિકી હોવાની ભાળ મળી હતી. પોલીસ અધિકારીઓએ દેવનગરમાં ઝુંપડપટ્ટીની મુલાકાત પણ લીધી હતી અને વિવાદના કેન્દ્રમાં રહેલા લોકોના સંદર્ભમાં માહિતી મેળવવાના પ્રયાસ કર્યા હતા. ધર્માંતરણના મુદ્દે ગયા સપ્તાહમાં ભારે ધાંધલ ધમાલ સંસદના બંને ગૃહોમાં થઈ હતી જેના કારણે ગૃહને મોકૂફ રાખવાની ફરજ પડી હતી. વિરોધ પક્ષના સભ્યોએ ધર્માંતરણના મુદ્દે હોબાળો મચાવ્યો હતો. વડાપ્રધાન મોદી પાસે આ મુદ્દે નિવેદનની માંગ પણ કરી હતી. અલબત્ત સરકાર ચર્ચા માટે તૈયાર થઈ હતી પરંતુ વિરોધ પક્ષો જ્યાં સુધી વડાપ્રધાન ચર્ચા માટે તૈયાર ન થાય ત્યાં સુધી ચર્ચા માટે રાજી થયા ન હતા. ભાજપના સાંસદ યોગી આદિત્યનાથે પણ ઉશ્કેરણીજનક સુચન કર્યું હતું. આદિત્યનાથે હાલમાં જ કહ્યું હતું કે, જો લોકો સ્વૈચ્છિકરીતે હિન્દુ ધર્મ અપનાવે છે તો તેમાં કોઈ ખોટુ નથી.

## આરઆર પાટિલ પર એટેકનો પ્રચંડ હુમલો

નવી દિલ્હી,તા.૧૬

પૂર્વ ગૃહપ્રધાન આરઆર પાટીલને મરિન લાઈન ખાતે આવેલી બોમ્બે હોસ્પિટલમાં એન્જીઓગ્રાફી કરાવવાની ફરજ પડી છે. તેમને હાર્ટએટેક થયા બાદ હોસ્પિટલમાં ખસેડાયા છે. વરિષ્ઠ નેતાને તરત જ તબીબ ઉપલબ્ધ થઈ જતાં તેમની સારવાર શક્ય બની હતી.

શનિવારે તેમના આવાસ ઉપર તેમની હાલત ખૂબ જ કફોડી બની હતી. કારણકે, મોટો અટેક આવી ગયો હતો. સુત્રોના જણાવ્યા મુજબ તબીબોએ તરત જ સારવાર આપી હતી. કાર્ડિએકમાં મસાજ આપીને તેમને બચાવી લેવામાં આવ્યા હતા. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા તરત જ મુંબઈ હોસ્પિટલમાં સારવાર માટે પહોંચ્યા હતા. તેમના બ્લડપ્રેસરની સ્થિતિ સારી હતી. હાલમાં તેઓ આઈસીયુમાં છે. એન્જીઓગ્રાફી કરી ચુકવામાં આવી છે. કાર્ડિયોલોજીસ્ટ બીકે ગોહિલે કહ્યું હતું કે, પ્રધાન લો બ્લડપ્રેસરની સ્થિતિમાં લવાયા હતા.

## દિલ્હી ગેંગરેપની વરસીએ ઘટનાની યાદ ફરીથી તાજી

નવી દિલ્હી,તા.૧૬

પાટનગર દિલ્હીમાં ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે બનેલી અને સમગ્ર દેશને હચમચાવી મુકનાર નિર્ભયા ગેંગરેપ કેસની આજે વરસી છે. આ બનાવની વરસીના દિવસે આ દિલધડક અને કમકમાટીપૂર્ણ ઘટનાની યાદ તાજી થઈ ગઈ છે. તમામ લોકોના દિલોદિમાંગ ઉપર આ કમનસીબ રાત્રીની યાદ




જ્યારે પણ વરસી આવશે ત્યારે દર વર્ષે તાજી થશે પરંતુ એ બનાવ બાદ દેશમાં જે સળગતા પ્રશ્નો ઉઠ્યા હતા તે પ્રશ્નોને સંપૂર્ણપણે હજુ સુધી હાથ ધરી શકાયા નથી. આ પ્રશ્નોને તરત હાથ ધરીને મહિલાઓની સુરક્ષાને વધારી દેવામાં આવે તે જરૂરી છે. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે એક પેરા મેડીકલની વિદ્યાર્થીનીએ પોતાના ઘરે જવા માટે પોતાના મિત્રની સાથે બસની મુસાફરી કરી હતી એ જ વેળા ચાર નરાધમ શખસોએ તેના ઉપર ચાલતી બસમાં અમાનવીય રીતે ગેંગરેપ કર્યો હતો. આ બનાવમાં તે એટલા હદ સુધી ઘાયલ થઈ ગઈ હતી કે થોડાક દિવસ સુધી સારવાર હેઠળ રહ્યા બાદ તેનું મોત થયું હતું. આ હચમચાવી મૂકનાર ઘટનાના કારણે દેશભરમાં તમામ લોકો એક મત થઈ ગયા હતા અને તમામ જગ્યાઓએ જોરદાર વિરોધ પ્રદર્શન થયા હતા જેના પરિણામ સ્વરૂપે સરકારને મહિલાઓ પર થતા અત્યાચાર માટે નવા કાયદાઓ બનાવવાની તરત ફરજ પડી હતી. નિર્ભયા ગેંગરેપ કેસની બીજી વરસીના દિવસે આજે તમામ લોકોને એક પ્રશ્ન થઈ રહ્યો છે કે આ બનાવ બાદ અને કાયદાઓ વધુ કઠોર કરવામાં આવ્યા બાદ મામલાઓ અટક્યા છે કે કેમ. સમગ્ર દેશના આંકડાઓ ઉપર નજર કરવામાં આવે તો વધુ ઘટનાઓ સપાટી ઉપર આવી છે. દિલ્હીમાં નિર્ભયા રેપ કેસના કારણે ઘણા અપરાધીઓને યોગ્ય સજા મળી છે. આ કેસના મામલામાં બળાત્કારીઓને આ વર્ષે સપ્ટેમ્બર મહિનામાં ફાંસીની સજા ફટકારવામાં આવી હતી પરંતુ હવસખોરોએ હજુ સુધી બોધપાઠ લિધા નથી. પહેલા કરતા ગુનાઓ વધ્યા છે. મહિલાઓ આજે પણ સુરક્ષિત દેખાઈ રહી નથી. બળાત્કારના કેટલાક કેસોમાં સગાસંબંધિઓ પણ નિકળે છે. મળી છે.

## મુંબઈ માટે અન્ડરગ્રાઉન્ડ રિંગ રોડ બનાવવા તૈયારી

નવીદિલ્હી, તા. ૧૬

સંરક્ષણપ્રધાન મનોહર પારીકરે આજે કહ્યું હતું કે, સિડની બાન કટોકટી જેવા મામલાઓને પહોંચી વળવા માટે ભારત સંપૂર્ણપણે તૈયાર છે. સંરક્ષણપ્રધાને એમ પણ કહ્યું હતું કે, સુરક્ષા સ્થિતિમાં મોટો ફેરફાર થઈ ચુક્યા છે. પત્રકારો સાથે વાતચીત કરતા પારિકરે કહ્યું હતું કે, અગાઉના વર્ષોમાં જે પ્રકારની સુરક્ષા વ્યવસ્થા હતી તેની સરખામણીમાં અનેકગણી સુરક્ષા વ્યવસ્થા હવે થઈ ચુકી છે જેથી આ પ્રકારની સ્થિતિને પહોંચી વળવા ભારતીય સુરક્ષાદળો સંપૂર્ણ સજજ છે. સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિના સભ્ય રહેલા મનોહર પારીકરે કહ્યું હતું કે, દેશ સિડનીમાં બનાવ બન્યા બાદ વધુ સાવધાન છે. અત્રે નોંધનીય છે કે, ગઈકાલે ઈરાનિયન બંદૂકધારીએ સિડનીમાં એક કાફે પર ત્રાટકીને ૪૦થી વધુ લોકોને બાનમાં પકડી લીધા હતા. ૧૭ કલાક સુધી બાન કટોકટી ચાલ્યા બાદ કમાન્ડો ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં બાનમાં પકડી લેનાર શખ્સને ઠાર મારી દેવાયો હતો.

**ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં કડક સૂચના**

## લક્ષ્મણ રેખા ન ઓળંગવા મોદીનો સાંસદોને આદેશ

નવીદિલ્હી,તા. ૧૬

ભાજપના સાંસદોને કઠોર ચેતવણી આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વાંધાજનક નિવેદન ન કરવા સૂચના આપી હતી. વિરોધ પક્ષોને ફાયદો થાય તેવા નિવેદન ન કરવા મોદીએ કડક સૂચના આપી હતી. પક્ષની લાઈનને વળગી રહેવા માટે તમામને સૂચના આપવામાં આવી હતી. લક્ષ્મણ રેખા ન ઓળંગવા માટે પણ કહેવામાં આવ્યું હતું. સરકારની વિચારધારાને વળગી રહેવા મોદીએ સ્પષ્ટ સૂચના આપી હતી. આજે દિલ્હીમાં ભાજપ સંસદીય પાર્ટીની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં વિવિધ મુદ્દા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, કોઈપણ વ્યક્તિએ લક્ષ્મણ રેખા પાર કરવી જોઈએ નહીં. પક્ષના કેટલાક સાંસદો દ્વારા કરવામાં આવી રહેલી ટિપ્પણીને લઈને મોદીએ નારાજગી વ્યક્ત કરી હતી. સાક્ષી મહારાજ સહિત પક્ષના કેટલાક સાંસદો ઉશ્કેરણીજનક સૂચન કરી ચુક્યા છે. મહાત્મા ગાંધીની હત્યા કરનાર નાથુરામ ગોડસે દેશભક્ત હતા તેવું નિવેદન સાક્ષી મહારાજે કર્યું હતું. સાક્ષી મહારાજને મોડેથી ભારે વિવાદ થયા બાદ તેમનુ નિવેદન પાછું ખેંચી લેવાની ફરજ પડી હતી. અગાઉ કેન્દ્રીય પ્રદાન સાધ્વી નિરંજન જ્યોતિએ એક રેલી દરમિયાન ઉશ્કેરણીજનક અને અશ્લિલ ભાષાનો ઉપયોગ કર્યો હતો જેના કારણે વિરોધપક્ષો લાલઘૂમ થઈ ગયા હતા. વિરોધ પક્ષો દ્વારા સંસદમાં આને લઈને ભારે હોબાળો મચાવવામાં આવ્યો હતો. મોદી સરકારને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. મોદીએ પણ પોતે આને લઈને નિવેદન કર્યું હતું અને તેમને બચાવવાના પ્રયાસી કર્યા હતા. જો કે, આને લીધે ભાજપ સરકારની પ્રતિષ્ઠાને ખુબ માઠી અસર થઈ હતી. કોંગ્રેસ સહિતના પક્ષોએ નિરંજન જ્યોતિના રાજીનામાની માંગણી પણ કરી હતી. આ મામલો હજુ પણ સંપૂર્ણપણે શાંત થયો નથી.

## સમાચાર ઝલક

- પરદેશમાં પણ હિન્દી પુજારીઓની જરૂરત છે.
- કેન્દ્રના કર્મચારીઓની પ્રશ્નો બાબતે હડતાલનો નિર્ણય.
- બગદાણા નજીક વીજ શોકથી બે સિંહણના મોત.
- નાતાલ વેકેશનમાં કેન્દ્રીય વિદ્યાલયોમાં રજાઓ જ રહેશે.
- હવાઈના સૌથી મોટા ટેલિસ્કોપ માટે ભારત સોફ્ટવર અરિસા પુરા પાડશે.
- પ.પૂ. પ્રમુખ સ્વામીના સ્વાસ્થ્ય માટે હરિભક્તો ૧૧૫૦ કિલોમીટર ચાલ્યા.
- સુવિધાના અભાવે ગુજરાતની ૬ હોમિયોપેથિક કોલેજોને તાળા વાગશે.
- મોરબી નજીક અજંતા ઘડિયાળની ફેક્ટરીમાં ભયાનક આગ.
- બાર વર્ષ સુધી પેટમાં કાતર. સર્જરી કરતા ભૂલી ગયેલા ડોક્ટર. દર્દીને પણ જાણ ન થઈ.
- જાપાનની મધ્યસત્ર ચૂંટણીમાં શિંજો એબીની જીત.
- નરેન્દ્રભાઈ મોદી અને બરાક ઓબામાના ચહેરાવાળા પતંગોની માંગ.
- હવે લાભાર્થીઓને ઓનલાઈન સહાય ચુકવવા રાજ્ય સરકારની વિચારણા.

## ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

પ્રેમના નામ ઉપર દંભ અને દેખાડો જ હોય છે. ખરેખર તો બેઉ જણાએ સમજવાનું છે કે પ્રેમ માગવાનો ના હોય પરંતુ આપવાનો હોય. પ્રેમ એ તો પરમાત્માનો પ્રસાદ છે. એ આપવામાં આનંદ આવવો જોઈએ. પ્રેમ એ કોઈ બોજો નથી કે લેણું અથવા દેવું નથી કે જે ચુકવવાની ભાવના સાથે વ્યવહાર કરવામાં આવે.

પ્રેમ જયારે આપવામાં આવે ત્યારે કવિ મકરંદ દવેની આ ગીતપંક્તિ પણ યોગ્ય છે કે - ગમતું મળે તો અલ્યા ગુંજે નવ ભરીએ ને ગમતાનો કરીએ ગુલાલ... આવી. ગમતું વહેંચવાનો આનંદ એટલે પ્રેમ. એનું કોઈ મૂલ્ય ના હોઈ શકે. પ્રેમ આપવાથી તમને પ્રેમ પાછો મળશે એવી આશા રાખવી પણ નકામી છે. પ્રેમના બદલામાં પ્રેમ મળે એ સારી નિશાની છે, પરંતુ હંમેશા એવું ના પણ બને. તમને અગર પ્રેમના બદલામાં પ્રેમ ના પણ મળે તો ચિંતા કરવાની કોઈ જરુર નથી, કેમ કે પ્રેમ આપવાનો પણ એક અનન્ય આનંદ હોય છે. પ્રેમ આપવામાં આવે અને પ્રેમ માગવાનું બંધ કરવામાં આવે ત્યારે તમને અદભુત અનુભૂતિ થતી હોય છે.

જયારે તમને કોઈ પ્રેમ આપે ત્યારે સારું લાગે છે. ગુડ ફિલિંગ્સ. પરંતુ આ પ્રેમ ટકાઉ છે કે કામચલાઉ એ પણ તપાસી લેવું પડે. જે રીતે કોઈ માછી માછલી પકડવા માટે તળાવ યા સરોવરમાં ગલ (જાળ) નાખીને કિનારે બેઠો હોય અને માછલીને આકર્ષવા માટે ખોરાક તરીકે લોટ પાણીમાં ફેંકે છે. માછલી તો લોટ ફેંકનાર ઉપર ફિદા થઈ જાય છે. પરંતુ તેને એ વાતની ખબર નથી કે લોટ તેના પ્રત્યે પ્રેમ હોવાથી ફેંકવામાં આવી રહ્યો નથી. લોટ તો તે માછલીને જાળમાં ફસાવવા અને આકર્ષવા માટે જ ફેંકવામાં આવી રહ્યો છે. માછીમાર એ લોટ માછલીને આપી રહ્યો છે એવું નથી. માછીમાર તો માછલીઓને ચાહી રહ્યો છે, માછલીઓને મેળવવાની અપેક્ષા રાખી રહ્યો છે માટે લોટ પાણીમાં ફેંકી રહ્યો છે. જયારે માછલી પેલા માછીમારના ગલમાં કે જાળમાં સપડાશે એ પછી માછીમાર એ માછલીને લોટ ખવડાવવાનો નથી એ પણ એક હકીકત છે. દુનિયામાં જે લોકો પ્રેમની અપેક્ષા લઈને ફરી રહ્યા છે તેમની જ બહુમતી છે. સ્ત્રી હોય કે પુરુષ, તેઓ એકમેક તરફ લોટ જ ફેંકી રહ્યા છે. થોડા સમય સુધી બેઉને બધું સારું લાગતું હોય છે. લોટ ફેંકનાર વ્યક્તિ સામી વ્યક્તિ તરફ ઉત્સુક બને છે. સામી વ્યક્તિ પણ એટલા માટે લોટ ફેંકનાર પ્રત્યે ઉત્સુક બને છે, કેમ કે એને આશા બંધાય છે કે પ્રેમ પામી શકાશે. પરંતુ બેઉ છેવટે વિફળ રહે છે. બેઉ એકમેક સમક્ષ ભિક્ષુક તરીકે જ પેશ થયા હોય છે.

જીવનની સચ્ચાઈ બેઉને ખબર પડી જાય છે કે પોતાની પાસે આપવા જેવો અમૂલ્ય અહેસાસ ઉર્ફે પ્રેમ તો છે જ નહી. જયારે બેઉ જણાને ખબર પડે છે કે કોઈ એકમેકને પ્રેમ કરતું જ નથી, ફક્ત એકમેક પાસે અપેક્ષાઓ જ છે, ત્યારથી હકીકતનો પરદો ખુલી જાય છે અને સચ્ચાઈ તથા સંઘર્ષ સામે આવી જાય છે. પ્રેમ હોય તો સુખ હોય, સંઘર્ષ નહી.

**સ્ટોપરઃ-**

માગવાથી મળે એ પ્રેમ ના હોઈ શકે અને માગવો પડે એવી સ્થિતિ પ્રેમ કદી કોઈની લાવતો નથી.

- લિયોનાર્ડો દ વિચી

**૬૦૦ નર્સ પરત ફરવા તૈયાર નથી**

## વધુ ૮૭ ભારતીય નર્સ લિબિયાથી પરત ફરશે

નવીદિલ્હી, તા. ૧૬

લિબિયામાં કામ કરતી કેરળની ૮૭થી વધુ નર્સ આગામી દિવસોમાં પરત ફરનાર છે. એક અધિકારીએ આ અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે, બાકીની ૬૦૦ નર્સ દ્વારા હાલના તબક્કે સ્વદેશ પરત ફરવાની ઇચ્છા વ્યક્ત કરી નથી. કેરળની સંસ્થા જે આ બાબતોની જવાબદારી સંભાળે છે તે સંસ્થા રુટ્સ નોરકાના સીઈઓ સુદીપે કહ્યું છે કે, ૧૨ નર્સ આજે સવારે ટ્યુનિશિયા પહોંચી ગઈ છે અને ૨૨ બીજી બુધવારે સવારે પહોંચશે. બાકીની ૫૩ નર્સ આગામી દિવસોમાં પહોંચી જશે. કેરળથી ૮૭ નર્સની યાદી અમારી પાસે આવી પહોંચી છે. જે લિબિયામાં કામ કરી રહી છે. બાકીની ૬૦૦ નર્સ પૈકી ૯૯ ટકા નર્સ કેરળની છે પરંતુ આ નર્સ તેમની ઇચ્છા મુજબ ભારત આવવા તૈયાર નથી. લિબિયામાં ભારતીય સત્તાવાળાઓ સાથે સંપર્કમાં રહેલા અધિકારીઓ પણ વારંવાર તેમની પ્રતિક્રિયા આપતા રહ્યા છે. ટ્યુનિશિયાથી ૩૪ નર્સની ટુકડી દુબઈ આવતીકાલે પહોંચી જશે જ્યાંથી સીધી તેઓ કોચી પહોંચશે. લિબિયામાં હાલ જટિલ સ્થિતિ સર્જાયેલી છે.